આજની પ્રાર્થના....
કલ્યાણ સારી જનતાતણું હો, પાળો પૃથ્વી ન્યાયથી રાજ્યકર્તા. સૌ જીવોનું શુભ નિત્ય વર્તો, સુખી સદા લોક સમસ્ત થાઓ !

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૧૩૭ | ૨૭ જુલાઈ, ૨૦૨૧, મંગળવાર; અષાઢ વદ - ૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# આસામ-મિઝોરમ સરહદ પર હિંસા ભડકી

**ફાયરિંગ અને પથ્થરમારા બાદ પરિસ્થિતિ તંગ : મુખ્યમંત્રી સામ-સામે : સરહદની હિંસાએ દાયકાઓ જુના વિવાદને હવા આપી : બંને રાજ્યોના મુખ્યમંત્રીઓએ કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને મામલામાં તત્કાળ હસ્તક્ષેપ કરવાની માગણી કરી**








આઈઝોલ/ હેલાકાન્ડી,તા.૨૬

અસમ-મિઝોરમ સરહદ પર સોમવારે હિંસા ભડકી છે. સરહદ પર ઘર્ષણ અને વાહનો પર હુમલો થવાના સમાચાર છે. બંને રાજ્યોના મુખ્યમંત્રીઓએ આ મુદ્દે ટ્વીટ કરી કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહને હસ્તક્ષેપ કરવાની માંગ કરી છે. આ ઘટનાનો એક વીડિયો સામે આવ્યો છે, જેમાં લોકો લાકડીઓ લઈને જોવા મળી રહ્યાં છે. હાલના તણાવે દાયકાઓથી ચાલી રહેલા વિવાદને હવા આપી છે. તેને લઈને રાજકારણ ગરમાયું છે.

મિઝોરમના મુખ્યમંત્રી ઝોરામથાંગાએ મામલામાં કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહના હસ્તક્ષેપની માંગ કરી છે. તેમણે ટ્વીટ કરી કહ્યુ કે, તેને તત્કાલ રોકવું જોઈએ. એક અન્ય ટ્વીટમાં તેમણે લખ્યું- ચાહરના રસ્તે મિઝોરમ આવતા નિર્દોશ દંપત્તિ પર ગુંડાએ હુમલો કર્યો અને તેની ગાડીમાં તોડફોડ કરી છે. આખરે આ પ્રકારની હિંસક ઘટનાઓને તમે કઈ રીતે ન્યાયયોગ્ય ઠેરવશો.

તો અસમના મુખ્યમંત્રી હિમંતા બિસ્વ સરમાએ ટ્વીટ કરી મિઝોરમના મુખ્યમંત્રીને ફરિયાદ કરી આ મામલામાં દખલની

● અનુસંધાન પાન-૭ પર

# અંતે, યેદિયુરપ્પાનું રાજીનામું

**સપ્તાહના અંત સુધીમાં મુખ્યમંત્રીના નામનો નિર્ણય લેવાશે ત્યાં સુધી યેદિયુરપ્પા કાર્યકારી સીએમ બની રહેશે**

નવી દિલ્હી, તા.૨૬

છેલ્લા કેટલાક દિવસોથી જે અટકળો ચાલી રહી હતી તે જ પ્રમાણે કર્ણાટકના સીએમ પદેથી ભાજપ હાઈકમાન્ડે યેદિયુરપ્પાનુ રાજીનામુ લઈ લીધુ છે અને હવે જોવાનુ એ રહે છે કે, દક્ષિણ ભારતમાં ભાજપ માટે સૌથી મહત્વના આ રાજ્યમાં સીએમ તરીકે કોને તાજ પહેરાવવામાં આવે છે.

સંસદ ભવનમાં જે પી નડ્ડી અને અમિત શાહ વચ્ચે નવા દાવેદારના નામ પર ચર્ચા વિચારણા થઈ હતી. આજે ભાજપ દ્વારા નિરિક્ષકનુ નામ નક્કી કરાશે. તેઓ કર્ણાટક જશે અને સપ્તાહના અંત સુધીમાં મુખ્યમંત્રીના નામનો નિર્ણય લેવાશે.ત્યાં સુધી યેદિયુરપ્પા કાર્યકારી સીએમ બની રહેશે.સૂત્રોનુ કહેવુ છે કે, કેન્દ્રીય મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન નિરિક્ષક તરીકે જશે.

મુખ્યમંત્રી તરીકે હાલમાં જે ત્રણ નામ પર ચર્ચા ચાલી રહી છે તેમાં લિંગાયત સમુદાયના બસવરાજ બોમ્બાઈ પણ છે. તેઓ હાલમાં રાજ્યના ગૃહ મંત્રી પણ છે. બીજુ નામ વિશ્વેશ્વરા હેગડેનુ છે. તેઓ બ્રાહ્મણ છે અને કર્ણાટક વિધાનસત્રાના અધ્યક્ષ પણ છે. ત્રીજુ નામ કેન્દ્રીય કોલસા મંત્રી પ્રહ્લાદ જોષીનુ છે. એવુ મનાય છે કે, આરએસએસની ઈચ્છા

● અનુસંધાન પાન-૭ પર

# હર કી પૌડી પહોંચેલા ૧૪ કાવડિયાની ધરપકડ

હરિદ્વાર, તા.૨૬

કોરોના વાયરસ મહામારીના કારણે આ વખતે પણ કાવડ યાત્રા પર પ્રતિબંધ મુકવામાં આવ્યો છે. ઉત્તરાખંડ સરકારે કાવડિયાઓના પ્રવેશ પર પ્રતિબંધ લગાવ્યો હતો પરંતુ તેમ છતાં કેટલાક કાવડિયાઓ ચકમો આપીને હર કી પૌડી સુધી પહોંચી ગયા હતા. પોલીસ દ્વારા તેમની ધરપકડ કરી લેવામાં આવી છે.

હરિદ્વારમાં હર કી પૌડી ખાતે પહોંચીને આશરે ૧૪ જેટલા કાવડિયાઓએ 'બમ બમ ભોલે'ના નારા લગાવ્યા હતા અને ત્યાર બાદ પોલીસે તમામની ધરપકડ કરી લીધી હતી. પોલીસે ૧૪ કાવડિયાઓ ઉપરાંત ૨ દુકાનદારોની પણ ધરપકડ કરી છે જે કાવડ યાત્રા સાથે સંકળાયેલો સામાન વેચી રહ્યા હતા.

● અનુસંધાન પાન-૭ પર

# ટેબલ ટેનિસમાં શરત કમલ સિંગલની ક્વાર્ટર ફાયનલમાં

**ઓલિમ્પિકનો ચોથો દિવસ ભારત માટે મિશ્ર ફળદાયી : ભારતીય પુરુષોની આર્ચરી ટીમનો શાનદાર દેખાવ**




ટોક્યો, તા.૨૬

ટોકિયો ઓલિમ્પિકમાં ભારતની મીરાબાઈએ કરેલી ઝળહળતી શરુઆત બાદ ત્રીજો દિવસ ખેલાડીઓ માટે બેલેન્સવાળો રહ્યો છે. દિગ્ગજ બોક્સર મેરિકોમ, ટેબલ ટેનિસ ખેલાડી મનિકા બત્રા અને શટલર પીવી સિંધુએ એક તરફ પોતાની મેચ જીતીને સફળતા હાંસલ કરી છે તો નિશાનેબાજીમાં નિરાશા મળી છે. પુરુષ હોકીમાં ભારતની ઓસ્ટ્રેલિયા સામે ૭-૧થી હાર થઈ છે. સોમવારે એટલે કે ચોથા દિવસની શરુઆતમાં તલવારબાજ સીએ ભવાની દેવીએ જીત સાથે કરી છે.

ભારતીય તલવારબાજ ભવાની દેવી પોતાના ઓલિમ્પિકમાં આત્મવિશ્વાસ સાથે શરુઆત કરીને પહેલી મેચ જીતી લીધી હતી, જોકે આ પછી બીજી મેચમાં ચોથા રેંક પર રહેલી મૈનન બ્રૂનેટ સામે હાર થતા ટોકિયો ઓલિમ્પિકમાંથી બહાર થઈ ગઈ છે. ભવાનીએ મેચ હારીને પણ ઈતિહાસ રચ્યો છે. ટેબલ ટેનિસમાં ભારતના અચંત શરત કમલ પુરુષ સિંગલના કવાર્ટર ફાઈલનમાં પહોંચ્યા છે. શરતે પોર્ટુગલના ટિયાગો ઓપોલોનિયને ૪-૨થી પરાજીત કર્યો હતો.

અતનુ દાસ, પ્રવીણ જાધવ અને તરુણદીપ રાયની ભારતીય પુરુષ આર્ચરીની ટીમ શાનદાર પ્રદર્શન કરીને પહેલી ગેમમાં કઝાકિસ્તાનને ૬-૨થી હરાવીને જીત મેળવીને હવે પ્રબળ દાવેદાર કોરિયા સામે ટક્કર થશે. ભારતીય ખેલાડીઓએ કઝાકિસ્તાનના ઈલફાત અબ્દુલલિન, ડેનિસ ગૈનકિન અને સૈંઝાર સુમાયેલને ૫૫-૫૪, ૫૨-૫૧, ૫૬-૫૭, ૫૫-૫૪થી હરાવ્યા હતા. ભારત તરફથી અતાનુએ સારું પ્રદર્શન કરીને ૫ વખત ૧૦ અંક મેળવ્યા હતા.

# રાહુલ ટ્રેક્ટર ચલાવી સંસદ ભવન પહોંચ્યા : ટ્રેક્ટર જપ્ત

નવી દિલ્હી, તા.૨૬

સંસદના ચોમાસુ સત્રમાં સતત થઈ રહેલા હંગામા વચ્ચે કોંગ્રેસી સાંસદ રાહુલ ગાંધી સોમવારે ફરી એક

**પોલીસે કોંગ્રેસી નેતા રણદીપ સુરજેવાલા, શ્રીનિવાસ બી.વી.ને કસ્ટડીમાં લીધા**

વખત ચર્ચામાં આવ્યા હતા. રાહુલ ગાંધી સોમવારે ટ્રેક્ટર ચલાવીને સંસદ ભવન પહોંચ્યા હતા અને તેમણે કૃષિ

● અનુસંધાન પાન-૭ પર




# લોકસભાની બેઠકોની સંખ્યા ૧૦૦૦ કરવાની વિચારણા

**ચૂંટણીઓને ધ્યાનમાં રાખી ૨૦૨૪ પહેલાં સરકાર બેઠક વધારી શકે છે : ચર્ચા પર ભાર મૂકતા વિપક્ષના સાંસદો**

નવી દિલ્હી, તા.૨૬

લોકસભાની આગામી ચૂંટણીમાં બેઠકોની સંખ્યા વધારીને ૧૦૦૦ કરવા માટે સરકાર વિચારી રહી છે તેવો દાવો કોંગ્રેસના સિનિયર નેતા મનિષ તિવારીએ કર્યો છે. જેના પગલે એક નવી ચર્ચા છેડાય તેવી શક્યતા છે.

કોંગ્રેસના નેતા મનિષ તિવારીએ કહ્યુ હતુ કે, મોદી સરકાર લોકસભામાં સંસદ સંખ્યોની સંખ્યા વધારવા માંગે છે અને તે ૧૦૦૦ પર પહોંચી શકે છે. તેના પર સાર્વજનિક ચર્ચા કરવાની જરૂર છે. કોંગ્રેસ સાંસદના દાવાથી એક નવી ચર્ચા શરૂ થઈ છે. કોંગ્રેસ સાંસદે કહ્યુ હતુ કે, મને ખબર નથી કે સાચુ શું છે અને ખોટુ શું છે પણ મિત્રોએ મને કહ્યુ છે કે, ૨૦૨૪ પહેલા લોકસભાની સંખ્યા વધારીને ૧૦૦૦ કરવા માટેના પ્રસ્તાવ પર વિચારણા થઈ રહી છે.

તેમણે એવો પણ દાવો કર્યો હતો કે, આ જાણકારી મને ભાજપના સાંસદો તરફથી જ મળી છે. તેમની વાતનુ પાર્ટીના સાંસદ

● અનુસંધાન પાન-૭ પર

# લખનૌના તમામ રસ્તાઓ ખેડૂતો દ્વારા સીલ કરાશે : ટિકૈત


ન્યુ દિલ્હી,તા.૨૬

કેન્દ્ર સરકારના ત્રણ કૃષિ કાયદાની વિરૂધ્ધ ખેડુતોનું આંદોલન સતત ચાલી રહ્યું છે. આવી સ્થિતિમાં સોમવારે લખનૌમાં સયુક્ત કિસાન મોરચાએ કેન્દ્ર સરકાર સામે આરપારની લડાઈ લડવાની ઘોષણા કરી છે. ભારતીય કિસાન સંઘના રાષ્ટ્રીય પ્રવક્તા રાકેશ ટિકૈતે કહ્યું કે હવે લખનૌને પણ દિલ્હીની જેમ બનાવવામાં આવશે. જે રીતે દિલ્હીમાં બધા રસ્તા સીલ કરવામાં આવ્યા છે, તેવી જ રીતે અહીંના તમામ રસ્તાઓ ખેડૂતો દ્વારા સીલ કરવામાં આવશે. અમે તેની તૈયારી કરીશું.

લખનઉના પ્રેસ કલબમાં સંયુક્ત કિસાન મોરચામાં ખેડૂત આગેવાનો રાકેશ ટિકૈત, યોગેન્દ્ર યાદવ સહીત ઘણા ખેડૂત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

Global Footprint

Our Active Pharmaceutical Ingredients (APIs) are manufactured in 4 facilities in India. And exported to multiple countries in Europe, North America, Latin America, Japan and the rest of the world.**



- Leading developer and manufacturer of select high value, non-commoditized APIs in chronic therapeutic areas
- Portfolio of 120 molecules** globally; working towards developing 8 to 10 molecules each year
- 16 of the 20 largest generic companies globally are our customers*
- Providing Contract Development and Manufacturing Operations (CDMO) services to a range of multinational and specialty pharmaceutical companies
- Long-term relationship with customers

- 403 DMFs and CEPs filed across various major global markets#
- 4 manufacturing facilities with aggregate annual total installed capacity of 726.6 KL**
- Facilities regularly subjected to inspections and audits by various global regulators like the USFDA, PMDA, EDQM etc.
- Dedicated R&D focused on new product development and cost improvement programs
- Cost leadership across products through careful monitoring and continuous effort
- Strong focus on sustainability in operations

glenmark LIFE SCIENCES
www.glenmarklifesciences.com

* As of March 31, 2021 (Source: "A Year of Surprises Shakes Up Off-Patent Industry" | Informa, 2020) ** As of March 31, 2021 # As of May 31, 2021

**Glenmark Life Sciences Limited** is proposing, subject to applicable statutory and regulatory requirements, receipt of requisite approvals, market conditions and other considerations, to make an initial public offering of its Equity Shares and has filed the Red Herring Prospectus ("**RHP**") with the Registrar of Companies, Maharashtra at Pune ("**RoC**") on July 19, 2021. The RHP shall be available on the website of SEBI at www.sebi.gov.in, websites of the Stock Exchanges i.e. BSE and NSE at www.bseindia.com and www.nseindia.com, respectively, and is available on the websites of the Global Coordinators and Book Running Lead Managers ("**GCBRLMs**"), i.e. Kotak Mahindra Capital Company Limited, BofA Securities India Limited and Goldman Sachs (India) Securities Private Limited at https://investmentbank.kotak.com, www.ml-india.com and www.goldmansachs.com, respectively and the websites of Book Running Lead Managers ("**BRLMs**"), i.e. DAM Capital Advisors Limited (Formerly known as IDFC Securities Limited), BOB Capital Markets Limited and SBI Capital Markets Limited at www.damcapital.in, www.bobcaps.in and www.sbicaps.com, respectively. Investors should note that investment in equity shares involves a high degree of risk and for details relating to such risk, please see the section entitled "*Risk Factors*" on page 22 of the RHP. Potential investors should not rely on the DRHP filed with SEBI for making any investment decision.
The Equity Shares offered in the Offer have not been and will not be registered under the U.S. Securities Act of 1933, as amended ("U.S. Securities Act"), or any other applicable law of the United States and, unless so registered, may not be offered or sold within the United States, except pursuant to an exemption from, or in a transaction not subject to, the registration requirements of the U.S. Securities Act and applicable state securities laws. Accordingly, the Equity Shares are being offered and sold (i) within the United States only to persons reasonably believed to be "qualified institutional buyers" (as defined in Rule 144A under the U.S. Securities Act) under Section 4(a) of the U.S. Securities Act, and (ii) outside the United States in offshore transactions in compliance with Regulation S under the U.S. Securities Act and the applicable laws of the jurisdiction where those offers and sales are made. There will be no public offering of Equity Shares in the United States.

Adfactors 170A